# PM to deliver keynote address at India Ideas Summit on 22 July

July 21, 2020

# વડાપ્રધાન 22 જુલાઈનાં રોજ 'ઇન્ડિયા આઈડિયાઝ સમિટ' માં પ્રેરક સંબોધન કરશે

જુલાઈ 21, 2020

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી 22 જુલાઈનાં રોજ 'ઇન્ડિયા આઈડિયાઝ સમિટ' માં પ્રેરક સંબોધન કરશે.

આ શિખર સંમેલન યુએસ-ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલ દ્વારા યોજવામાં આવી રહી છે. આ વર્ષએ આ પરિષદની રચનાની 45મી વર્ષગાંઠ છે. આ વર્ષની 'ઇન્ડિયા આઈડિયાઝ સમિટ' નો વિષય 'વધારે સારા ભવિષ્યનું નિર્માણ કરવું' છે.

આ વર્ચ્યુઅલ શિખર સંમેલનમાં ભારતીય અને યુએસ સરકારનાં ઉચ્ચ-સ્તરનાં નીતિ ઘડવૈયાઓ, રાજ્ય-સ્તરનાં અધિકારીઓ અને વ્યાપાર અને સમાજનાં વિચારક આગેવાનો હાજરી આપશે. આ શિખર સંમેલનમાં અન્ય પ્રેરક વક્તાઓમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, યુ.એસય સેક્રેટરી ઑફ સ્ટેટ શ્રી માઈક પોમ્પિયો, વિર્જિનિયાનાં સેનેટર અને સેનેટ ઇન્ડિયા કોકસનાં સહ-અધ્યક્ષ શ્રી માર્ક વૉર્નર, સંયુક્ત રાષ્ટ્રમાં ભૂતપૂર્વ યુ.એસ. રાજદૂત શ્રીમતિ નિકી હેલી અને અન્ય લોકોનો સમાવેશ થાય છે. આ શિખર સંમેલનમાં ભારત-યુ.એસ. સહયોગ અને મહામારી પછીનાં વિશ્વમાં બે દેશો વચ્ચેનાં સંબંધનાં ભવિષ્ય સહિતનાં ક્ષેત્રોમાં ચર્ચાઓ કરવામાં આવશે.

**નવી દિલ્હી**
**જુલાઈ 21, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.